'ગુજરાત સમાચાર' તા. 16-02-2016

Rural Awareness Program at Jethi Village by N.S.S. Voluntaries.

2015-16

# અમીરગઢના જેથીમાં ગ્રામ ચેતના અને જનજાગૃતિ અંગે શિબિર યોજાઈ

અમીરગઢ, તા.૧૫ સરકારી વિનિયન કોલેજ અમીરગઢના રાષ્ટ્રીય સેવા યોજનાના ઉપક્રમે ગ્રામ ચેતના અને જનજાગૃતિ અંગેની વાર્ષિક શિબિર તાલુકાના જેથી ગામે આયોજન કરેલ છે.

## અંધશ્રધ્ધા નિવારણ, યોગ શિબિર, સાંસ્કૃતિક કાર્યક્રમો કોલેજના વિદ્યાર્થીઓએ ગ્રામ સફાઈ કરી

તા.૧૦/૨/૨૦૧૬ થી ૧૬/૨/૨૦૧૬ દરમિયાન જેથી મુકામે ગ્રામ ચેતના અને જનજાગૃતિ શિબિરના આયોજનમાં સમારંભના અધ્યક્ષ કાન્તિભાઈ ખરાડી ધારાસભ્ય દાંતા અને રાયચંદભાઈ મીયાણી સરપંચ જેથી તથા અગ્રણીઓની ઉપસ્થિતિમાં મુખ્ય પ્રવૃતિઓ જેવી કે ગ્રામમાં પ્રભાત ફેરી, પર્યાવરણ જાગૃતિ, બેટી બચાવો બેટી વધાવોના કાર્યક્રમો, વ્યસન મુક્તિ માટેના સુચનો, અત્યારે ચાલી રહેલ અંધશ્રધ્ધાઓનો નિવારણ માટેના અથાગ પ્રયાસો, યોગ શિબિર, અનેક સાંસ્કૃતિક કાર્યક્રમો, ગામમાં ગ્રામજનો અને કોલેજના વિદ્યાર્થીઓ દ્વારા ગામ સફાઈનો કાર્યક્રમ અને વન પરિભ્રમણ જેવા અત્યંત જરૂરી માર્ગદર્શિત કાર્યક્રમો રાખેલ છે. જેમાં મોટી સંખ્યામાં ગામલોકો હાજર રહી બધા કાર્યક્રમોમાં રસ દાખવી શિબિરનું આયોજન કરનાર સરકારી વિનિયન કોલેજના પ્રિન્સિપાલ એન.આર.ચૌધરી તથા પ્રોગ્રામ ઓફિસર એન.બી.રાવલને આવા જનજાગૃતિના કાર્યો કરવા બદલ ગામલોકોએ બિરદાવ્યા હતા.

દિવ્ય ભાસ્કર, 16-2-16

# અમીરગઢના જેથીગામે જન જાગૃતિ શિબિર યોજાઈ



અમીરગઢ | અમીરગઢ તાલુકાના જેથી ગામે સરકારી વિનય કોલેજ દ્વારા જનજાગૃતિ શિબિરને ધારાસભ્ય કે.કે. ખરાડી દીપ પ્રગટાવી ખુલ્લી મુકી હતી. આ શિબિરમાં પર્યાવરણ જાગૃતિ, બેટી બચાવો, બેટી વધાવો, વ્યસન મુક્તિ, પ્રભાત ફેરી સહિતના કાર્યક્રમો યોજાયા હતા. આ પ્રસંગે પ્રોગ્રામ ઓફીસર એન.બી.રાવલ, પ્રિન્સીપાલ એન.આર.ચૌધરી હાજર રહ્યા હતા.

Scanned by CamScanner